જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૮/૦૭/૨૦૨૩    શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
## આરોપીને કોર્ટમાં હાજર થવાનું ફરમાનઃ-    સમાચાર યાદી નં.૧૧૧૧/૨૦૨૩

### વેજલપુર પોલીસ સ્ટેશનઃ-

અમદાવાદ ગ્રામ્ય ૩જા એડી.ડીસ્ટ્રીક્ટ જજ સાહેબની કોર્ટના એન.ડી.પી.એસ. કેસ નંબર ૧/૨૦૧૮ એન.ડી.પી.એસ. કલમ ૨૦બી(II)C,29 મુજબના ગુનાના કામે **આરોપી આબીદમીયા સ/ઓ મોહમદમીયા (રહે. જી/૧૦૩, સંકલીતનગર, જી વોર્ડ, જુહાપુરા, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧)** નાઓને ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂ નામદાર જજ શ્રી ડી.ડી.બુધ્ધદેવ સાહેબશ્રી, ૩જા એડી.ડીસ્ટ્રીક્ટ જજ શ્રી, અમદાવાદ (ગ્રામ્ય), મીરજાપુર, અમદાવાદ સમક્ષ તા.૧૪/૦૭/૨૦૨૩ ના રોજ હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૧૧૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી, ૨૩૧ લીટર દેશી દારૂ, ૧૪૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન અને ૮ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-    સમાચાર યાદી નં.૧૧૧૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૧૪/૨૦૨૩</u>**

**બોડકદેવઃ** ફાલ્ગુન રમણલાલ પ્રજાપતિ (ઉ.વ.૪૯)(રહે.સન ફલાવર બંગલોઝ, થલતેજ-શીલજ રોડ, થલતેજ ) એ તા.૦૭/૦૭/૨૦૨૩ ના રોજ બોડકદેવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ફાલ્ગુન પ્રજાપતિએ પ્રાઈવેટ લીમીટેડ કંપનીનો અનુભવ સારો હોવાથી વિદેશમાં નોકરી મેળવવા Timesjobindia.com નામની એપ્લીકેશનમાં અનુભવી પ્રોફાઈલ મુકી હતી. ત્યારબાદ તા.૧૦/૦૬/૨૦૨૩ થી તા.૦૬/૦૭/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન અલગ-અલગ ઈ-મેઈલ આઈડી થી "કોર્ટેવા એગ્રી સાયન્સ ફીનલેન્ડ" તરફથી ઈ-મેઈલ કરી ફાલ્ગુન પ્રજાપતિનો બાયોડેટા માંગેલ હતો. ત્યારબાદ અલગ-અલગ ઈ-મેઈલથી તેમજ મોબાઇલ નંબર +૩૫૮૪૫૪૯૦૯૬૯૫ ના ધારકે ફાલ્ગુન પ્રજાપતિને ફોન કરી ફીનલેન્ડ દેશના વર્ક વિઝા અને રહેવા અંગે ડોકયુમેન્ટના પેટે ઓનલાઇન ટ્રાન્જેક્શનથી તેઓના યસ બેંકના ખાતામાં કુલ રૂપિયા ૨,૬૭,૦૮૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

**કાગડાપીઠઃ** કલ્પેશભાઇ જીતેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૩૧) (રહે. મયુર પાર્ક સોસાયટી, કૃષ્ણપાર્ક સ્કુલ પાસે બાપુનગર) એ તા.૦૭/૦૭/૨૦૨૩ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૯ થી ૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન સારંગપુર ન્યુ ક્લોથ માર્કેટ વિવાન ક્રીએશન નામની ફર્મ LLP ઓફીસ ૧૬૬ પહેલો માળ ખાતે આરોપી રમેશભાઇ લાલવાણી અને મનીષભાઇ રમેશભાઇ લાલવાણી (બંન્ને રહે. ગેલેક્ષી ટાવર ગ્રાન્ડ ભગવતી હોટલની બાજુમાં એસ.જી હાઇવે રોડ બોડકદેવ) એ કલ્પેશભાઈ પટેલ તથા સાહેદનો વિશ્વાસ અને ભરોસો કેળવી તેઓની પાસેથી ૧૬,૩૦,૫૦૭/- રૂપિયાનુ જોબવર્ક કરાવી આજદીન સુધી નિકળતી રકમ નહી ચુકવી દુકાન બંધ કરી નાસી જઈ કલ્પેશભાઈ પટેલ તથા સાહેદ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.બામ્ભા ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૧૫/૨૦૨૩</u>**

**વેજલપુરઃ** અબ્દુલમન્નાન મોહમદઆરીફ સૈયદ (રહે. હાજી સુલેમાનપાર્ક ડુપ્લેક્ષ રજ્જાક મસ્જીદ પાસે મોમીન પાર્લરની ગલીમા ફતેવાડી) એ તા.૦૭/૦૭/૨૦૨૩ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૦૬/૦૭/૨૦૨૩ રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૫૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૬/૨૦૨૩**

**નિકોલઃ** વિઠ્ઠલભાઇ સોમાભાઇ પટેલ (રહે.સિલ્વર પ્રીંગ સિલ્વર હોટલની પાછ્ળ હંસપુરા નરોડા) એ તા.૦૭/૦૭/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે નિકોલ ગંગોત્રી સર્કલ પાસે એફ.ડી.એફ.સી બેંક નજીક પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી બેગ ચોરી કરી લઇ ગઈ હતી. જે બેગમાં રોકડ રૂપિયા ૧,૦૭,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેજ હતા. આ અંગેની ફરીયાદ વિઠ્ઠલભાઇ પટેલે નિકોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.કુશ્વાહ ચલાવે છે.

**તળાવમાં ડુબી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૭/૨૦૨૩**

**સરખેજઃ** જીયાઉલખાન સ/ઓ બાબુખાન પઠાણ (ઉ.વ.૩૪) (રહે.જુની હોમગાર્ડની ઓફીસ સામે મલકાણી તળાવ પાસે સરખેજ) તા.૦૭/૦૭/૨૦૨૩ કલાક ૧૦/૪૦ વાગ્યા પહેલા સરખેજ મકરબા રોજાના તળાવમાં પડી જતા ડુબી જવાથી તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.કણસાગરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી